सत्यमेव जयते

અરજી સ્વીકાર્યા તારીખ	૧૫/૦૧/૨૦૧૯
અરજી નોંધ્યા તારીખ	૧૫/૦૧/૨૦૧૯
અરજી નિકાલ કર્યા તારીખ	૧૬/૧૦/ ૨૦૨૩
સમયગાળો	વર્ષ– માસ– દિન ૦૪– ૦૮– ૨૯

જામનગરના કર્મચારી વળતર ધારા અન્વયેના કમિશનરશ્રી સમક્ષ,જામનગર.

વ.કો.(નોન ફેટલ) કેસ નં.૦૨/૨૦૧૯

આંક : ૨૯

અરજદાર : અબ્બાસ ઈશાભાઈ ચૌહાણ.

રે.બેડ, તા.જી.જામનગર.

<u>વિરુધ્ધ.</u>

સામાવાળા : ૧. રફીક અબ્દુલભાઈ સમા,

ટ્રક નં.**GJ12AT5185** ના માલિક

નુરીપાર્ક, પ્લોટ નં.૯૭, શેરી નં.૪, જામનગર.

૨. બજાજ એલીયાન્સ જનરલ ઈન્સ્યો. કંપની લી.

હોટલ કે રોઝ બિલ્ડીંગ, લીમડા ચોક,

શાસ્ત્રી મેદાન સામે, રાજકોટ.

વિષય: કામદાર વળતર ધારા અન્વયે અકસ્માત વળતરની રકમ રૂપિયા

૧,૭૧,૩૫૦.૪૦ તથા વ્યાજ– પેનલ્ટી ખર્ચ વિ. મળવા અંગે

અરજદાર તરફે	:	વિ.વકીલ શ્રી ડી.એમ.કવૈયા.
સામાવાળા નં.૧ તરફે	:	વિ.વ.શ્રી એચ.એચ.દેદા.
સામાવાળા નં.ર તરફે	:	વિ.વ.શ્રી એમ.એમ.ભટ્ટ.

–:: હુ ક મ ::–

(૧) અત્રેના કેસના અરજદારએ કામદાર વળતર અધિનિયમ ૧૯ર૩ મુજબ તેમની ફરજ દરમ્યાન થયેલી ઈજાનું વળતર મેળવવા માટેની અત્રેની અરજી કરેલી છે. જેમાં અરજદારે જણાવેલી હકીકતો નીચે મુજબ છે.

અરજદારની અરજીની હકીકતો:

(૧.૧) અરજદાર સામાવાળા નં.૧ ને ત્યાં ટ્રક નં.જીજે–૧ર–એટી–૫૧૮૫ માં ડ્રાઈવર કમ કલીનર તરીકે માસીક રૂા.૮,૦૦૦/– ના પગારથી કામ કરતા હતા. સામાવાળા નં.૧ સદરહુ ટ્રકના માલિક છે. આ રીતે અરજદાર અને સામાવાળા વચ્ચે નોકર–માલિકના સંબંધ હતા. સામાવાળા નં.૧ ના ટ્રકનો વીમો સામાવાળા નં.ર વીમા કંપની પાસેથી ઉતરાવવામાં આવેલ છે. સામાવાળા નં.૧ એ અરજદારને ઓળખ કાર્ડ, હાજરી કાર્ડ, પગાર સ્લીપ નોકરી દરમ્યાન કયારેય આપેલ નથી. તેથી નોકરી અંગેના તમામ પુરાવાઓ સામાવાળાના કબજામાં છે. અરજદાર સામાવાળા નં.૧ ની સુચના મુજબ તા.ર૭/૧૧/ર૦૧૮ ના જામનગરમાં લાલપુર રોડ ચોકડી પાસે ટ્રકના પાટીયા ચડાવવા જતા હતા ત્યારે અકસ્માતે પગ લપસતા ટ્રકમાંથી નીચે પડતા ડાબા હાથમાં ગંભીર પ્રકારની ઈજા થતા સારવાર અર્થે હોસ્પીટલમાં ગયેલા અને ત્યાં ફ્રેકચર હોવાનું જણાવતા ઓપરેશન કરાવેલ અને સદરહુ ઈજાના કારણે તેમને કાયમી ખોડ રહી ગયેલ છે.

(૧.ર) અરજદારે વધુમાં જણાવેલ છે કે, સદરહુ અકસ્માત ચાલુ ફરજ દરમ્યાન બનેલો હોય તેથી આ કામના સામાવાળાઓ વ્યકિતગત તથા સયુકત રીતે અકસ્માત વળતર, વ્યાજ તથા પેનલ્ટીની રકમ ચુકવવા જવાબદાર થયેલા છે જેની ગણતરી નીચે મુજબ છે.

અકસ્માત સમયે અરજદારની ઉંમર ૪૨ વર્ષ હતીઅને તેમનો માસીક પગાર રૂા.૮,૦૦૦/- તથા કાયમી ખોડ ૨૦ ટકા ધ્યાને લેતા ૧૭૧.૩૫ નું ફેકટર ધ્યાને લેતા ૧૭૧.૩૫ × ૪૮૦૦ = ૮,૫૬,૭૫૨/- ના ૨૦ ટકા કાયમી ખોડ ધ્યાને લેતા અકસ્માત વળતરની રકમ રૂા.૧,૭૧,૩૫૦.૪૦ થાય. આ કામના સામાવાળાઓને આ અકસ્માતની જાણ હોવા છતાં કામદાર વળતર ધારા મુજબ નિયત સમયમાં વળતરની કંઈપણ રકમ નામ. કમીશ્નરશ્રી જામનગર સમક્ષ જમા કરાવેલ નથી. તેથી અકસ્માત વળતરની રકમ ઉપર અકસ્માતની તારીખથી ૧૨ ટકા વ્યાજ તથા ૫૦ ટકા પેનલ્ટી ચુકવવા માટે જવાબદાર થયેલા છે. તેથી સારવાર દરમ્યાનનો પગાર તથા સારવાર ખર્ચ ચુકવવા માટે જવાબદાર થયેલા છે. અરજદારે સામાવાળા નં.૧ પાસે વળતરની માંગણી કરતા તેઓએ વીમા પોલીસી ધરાવતા હોય તેથી વળતરની રકમ વીમા કંપની પાસેથી લેવાની હોય તેમ જણાવેલ. તેથી હાલની વળતર અરજી આપ નામ.કમીશ્નરશ્રી સમક્ષ લાવવા જરુર પડેલ છે.

(૧.૩) અરજદારએ અત્રેની અરજીમાં વધુમાં જણાવેલું છે કે, અરજદાર જામનગરમાં રહેતા હોય તેમજ બનાવ જામનગર જીલ્લામાં બનેલ હોય અને પક્ષકારો પણ જામનગરના જ હોય જેથી હાલની આ વળતર અરજી ચલાવવા આપ નામદાર કોર્ટને હકુમત છે. હાલની અરજી સમય મર્યાદામાં છે. જેથી હાલની અરજી લાવી દાદ માંગેલ છે કે, સામાવાળાઓ સયુંકત અને વિભકતરીતે અરજદારને પોતાને નડેલ અકસ્માત બદલ વળતર પેટે રૂા.૧,૭૧,૩૫૦/- ની વળતરની રકમ ઉપર અકસ્માતની તારીખથી વાર્ષિક ૧૨ ટકા લેખે વ્યાજ તથા ૫૦ ટકા પેનલ્ટી ચુકવવા જવાબદાર થયેલ હોય તથા ખર્ચ અપાવવા હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૨) આ કામે સામાવાળાઓને નોટીસ બજી જતાં સામાવાળા નંબર ૧ તરફે આંક ૭ થી વકીલપત્ર રજુ કરી આંક ૮ થી જવાબ માટેની મુદત અરજી આપ્યા બાદ તેઓ તરફે કોઈ જવાબ રજૂ નહી કરતા અરજદારની આંક ૯ ની અરજી મંજુર કરી સામાવાળાનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ. ત્યારબાદ સામાવાળા નં.૨ તરફે આંક ૧૨ થી જવાબનો હકક ખોલી આપવા માટે અરજી આપતા જે મંજુર કરી સામાવાળા અરજદારને ખર્ચ પેટે રૂા.૫૦૦/- ચુકવી આપ્યે

જવાબનો હકક ખોલી આપવામાં આવતા સામાવાળા નં.૨ તરફે આંક–૧૩ થી તેમનો જવાબ રજુ કરેલ છે.

સામાવાળા નંબર : ૨ ના જવાબની હકીકતો :

(૩) આ કામે સામાવાળા નં.૨ નાએ તેના જવાબમાં અરજદારની અરજીનો પેરા વાઈઝ ઈન્કાર કરી, આ કામના અરજદારની વળતર અરજી કાયદેસરની કે શુધ્ધબુધ્ધિપુર્વકની ન હોય તેનો ઈન્કાર કરી અરજદાર અને સામાવાળા નં.૧ વચ્ચે કામદાર માલિકના સબંધો હોવાનો ઈન્કાર કરી અરજદાર કામદાર વળતર ધારાની વ્યાખ્યા મુજબ કામદાર હોવાનો પણ ઈન્કાર કરવામાં આવેલ છે. વધુમાં જણાવેલ છે કે, અરજદારે બદઈરાદાથી સત્ય અને મહત્વની હકીકતો નામદાર કોર્ટ સમક્ષ છુપાવી તદન ખોટા, બનાવટી અને ઉપજાવી કાઢેલા કથનો કરેલ છે. હાલની વળતર અરજી કાયદા મુજબ મેઈનટેનેબલ કે ટેનેબલ નથી. અરજદાર અને સામાવાળા નં.૨ વચ્ચે કોઈ કોન્ટ્રાકટ થયેલ ના હોય આ અરજી ટકવાપાત્ર ન હોવાનું જણાવેલ છે. આ ઉપરાંત વીમા કંપનીને વીમા પોલીસીની ટર્મ્સ એન્ડ કન્ડીશન મુજબ નોટીસ આપેલ નથી કે સામાવાળા નં.૧ એ સામાવાળા નં.૨ ને હાલના અકસ્માતની કોઈ જ જાણ કરેલ નથી કે અકસ્માત અંગેનો સામાવાળા નં.૨ પાસેથી સામાવાળા નં.૧ એ એકસીડન્ટ કલેઈમ રીપોર્ટ કરેલ નથી. તેમજ અરજદારને સામાવાળાના કામના સમય દરમ્યાન કે કામના કારણે ઈજા થયેલ હોવાનો ઈન્કાર કરવામાં આવેલ છે. સામાવાળાએ તેમના જવાબમાં વધુમાં જણાવેલ છે કે, આ કામે અરજદારોએ એવો પુરાવો રજુ કરેલ નથી કે જેનાથી અરજદાર સામાવાળા નં.૧ ના કામદાર હોવાનું સાબીત થાય. તેવી જ રીતે સામાવાળા નંબર ૧ નાએ પણ આ હકીકત સાબીત થાય તેવા કોઈ દસ્તાવેજો રજુ કરેલ નથી. વધુમાં અરજદાર વેલીડ અને ઈફેકટીવ લાયસન્સ વગર જ ટ્રક ચલાવતા હતા જેથી કાયદા મુજબ તેઓ કોઈ કલેઈમ મેળવવા હકકદાર નથી. આ ટ્રકના માલીક ધ્વારા કોઈ સુચના આપવામાં આવેલ નહી અને આ કામમાં અરજદાર ધ્વારા કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે તેઓ બનાવ સમયે સામાવાળા નં.૧ ને ત્યાં ડ્રાઈવર/કલીનર તરીકે નોકરી કરતા હતા અને ફરજ દરમ્યાન

અકસ્માત થયેલ. આમ અરજદાર સામાવાળા નં.૧ ને ત્યાં નોકરી કરતા તે સમય દરમ્યાન આ અકસ્માતનો બનાવ બનેલ હોવાનો કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ ન હોય, સામાવાળા નં.૨ ની અરજદારને વળતર ચુકવવાની કોઈ જ જવાબદારી થતી નથી. આમ અરજદાર અને સામાવાળા નં.૧ વચ્ચે કામદાર–માલીક નો કોઈ સંબંધ ન હોવાથી અકસ્માત અંગેની કોઈ પણ વળતરની રકમ ચુકવવાની જવાબદારી સામાવાળા નં.૨ ની થતી ન હોવાથી, હાલની સામાવાળા નં.૨ સામેની વળતરની અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ ગુજારેલ છે. અરજદાર ના પગાર અને ઉંમરની વિતગો ખોટી હોવાનું જણાવી તેઓ વળતર મેળવવા હકકદાર થતા ના હોવાનું જણાવેલ છે. વધુમાં સામાવાળા નં.૧ તથા અરજદારો ધ્વારા કોઈ દસ્તાવેજો પુરા પાડેલ ન હોય, કલેઈમ ફોર્મ ભરેલ ન હોય તેમજ કોઈ નોટીસ આપેલ ન હોય, વ્યાજ અને પેનલ્ટીની જવાબદારી સ્વીકારવામાં આવેલ ન હોય, વ્યાજ અને પેનલ્ટીની જવાબદારી તેમની થતી ન હોવાનું જણાવવામાં આવેલ છે.

(૪) આ કામે અરજદાર તરફથી નીચેના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

મૌખિક પુરાવો :–

ક્રમ	**વિગત**	**આંક**
૧.	અરજદાર અબ્બાસ ઈશાભાઈ ચૌહાણનુ પુરાવાનુ સોગંદનામુ.	૧૮.
૨.	ડો.મેણસીભાઈ સાજણભાઈ ડાંગરનું પુરાવાનુ સોગંદનામુ.	૨૦.

દસ્તાવેજી પુરાવો :–

ક્રમ	**વિગત**	**આંક/માર્ક**
૧.	અરજદારનું જીજી.હોસ્પી.જામનગરનું સારવાર કાર્ડની ઝેરોક્ષ	૪/૧
૨.	અરજદારનું જીજી.હોસ્પી.જામનગરના એડમીટ કાર્ડની નકલ	૪/૨
૩.	અરજદારના ડ્રાઈવીંગ લાયસન્સની નકલ	૪/૩
૪.	અરજદારના આધાર કાર્ડની નકલ	૪/૪

૫.	અરજદારે સામાવાળાને આપેલ રજી.એ.ડી.નોટીસની સ્થળપ્રત તથા રજી.એડી.કરેલ તેની મની.રીસીપ્ટ અસલ	૪/૫
૬.	અકસ્માતમાં સંડોવાયેલ વાહનની આર.સી.બુકની નકલ	૪/૬
૭.	અકસ્માતમાં સંડોવાયેલ વાહનની વીમા પોલીસીની નકલ	૪/૭
૮.	અકસ્માતમાં સંડોવાયેલ વાહનની ડીટનેશ સર્ટી.ની નકલ	૪/૮
૯.	અકસ્માતમાં સંડોવાયેલ વાહનનીગુડસ પરમીટની નકલ	૪/૯
૧૦.	અરજદારે એસ.પી.જામનગરને કરેલ ફરીયાદ રજી.એ.ડી.ની સ્થળપ્રત તથા રજી.એ.ડી.મની રીસીપ્ટ	૪/૧૦
૧૧.	સામાવાળા નં.૧ ને નોટીસ મળ્યા અંગેની રજી.ની એકનોલેજમેન્ટ	૧૯/૧
૧૨.	સામાવાળા નં.૨ ને નોટીસ મળ્યા અંગેની રજી.ની એકનોલેજમેન્ટ	૧૯/૨
૧૩.	પી.એસ.આઈ.દરેડને ફરીયાદ આપેલાની એકનોલેજમેન્ટ	૧૯/૩
૧૪.	એસ.પી.ને ફરીયાદ મળી ગયા અંગેની રજી.એ.ડી.ની એકનો.સ્લીપ	૧૯/૪
૧૫.	માહીતી અધિકાર નિયમ મુજબપી.આઈ/પીએસઆઈ ખંભાળીયા ગેટ જામનગર પાસે માહીતી માંગેલ તેનુ ફોર્મ, રજી.એ.ડી. મની સ્લીપ તથા મળી ગયા બદલ રજી.એડી. એકનો.સ્લીપ	૧૯/૫
૧૬.	અરજદારની કાયમી ખોડ અંગે ડો.એમ.એસ.ડાંગરે આપેલ પ્રમાણપત્ર	૧૯/૬
૧૭.	અરજદારની કલોર્જીગ પુરશીસ	૨૧

(૫.૧) આ કામે સામાવાળા નં.૧ તરફે કોઈ પુરાવો રજુ નહી કરાતા અરજદારે આંક–૨૨ ની અરજી આપી સામાવાળા નં.૧ નો પુરાવાનો હકક બંધ કરવા માંગણી કરતા, જે અરજી મંજુર કરી સામાવાળા નં.૧ નો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૫.૨) આ કામે સામાવાળા નં.૨ તરફે આંક–૨૪ ની કલોઝીંગ પુરસીસ રજુ કર્યા બાદ આંક–૨૬ થી વીમા પોલીસીની નકલ રજુ કરવામાં આવેલ છે. બાદમાં અરજદાર તરફે આંક ૨૭ થી તથા સામાવાળા નં.૨ તરફે આંક–૨૮ થી લેખીત દલીલો રજુ કરવામાં આવેલ છે. સદરહું

દલીલોની આગળ જરૂર મુજબ ચર્ચા કરવામાં આવી છે.

(૬) આ કામે મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રીએ આંક ૧૫ થી નીચેના મુદ્દાઓ કાઢેલા છે.

૧. શું અરજદાર પુરવાર કરે છે કે, તે સામાવાળા નં.૧ ના કામદાર હતા ?

૨. શું અરજદાર પુરવાર કરે છે કે, તેને નોકરીમાંથી અને નોકરી દરમ્યાન અકસ્માતે ઈજા થતા કમાવવાની શકિત ગુમાવી છે ? જો હા તો કેટલી ?

૩. શું અરજદાર પુરવાર કરે છે કે, સામાવાળા નં.૧ પાસેથી તેઓ દર માસે રૂપિયા રૂા.૮,૦૦૦/– વેતન મેળવતા હતા ?

૪. શું અરજદાર પુરવાર કરે છે કે, અકસ્માત વખતે તેની ઉંમર ૪૨ વર્ષની હતી ?

૫. શું અરજદાર સામાવાળા પાસેથી વળતર,વ્યાજ અને પેનલ્ટી મેળવવા હકકદાર છે ?

૬. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય તથા તેનાં કારણો નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. હકારમાં. ૫ % મુજબ

૩. માસિક આવક રૂ.૮૦૦૦/–

૪. ઉંમર ૪૨ વર્ષ.

૫. અંશત: હકારમાં

૬. આખરી હુકમ મુજબ

– : : નિર્ણયના કારણો : :–

મુદ્દા નં. ૧ :–

શું અરજદાર પુરવાર કરે છે કે, તે સામાવાળા નં.૧ ના કામદાર હતા?

(૮.૧) અત્રેના કેસમાં અરજદારએ તેમની આંક ૧ ની અરજી તથા આંક ૧૮ ના પુરાવા

ના સોગંદનામામાં જણાવેલું છે કે, તેઓ સામાવાળા નં.૧ ની માલીકીનાં ટ્રક નં.જીજે–૧૨–એટી–૫૧૮૫ માં ડ્રાઈવર કમ કલીનર તરીકે માસીક રૂા.૮,૦૦૦/– ના પગારથી કામ કરતા હતા.આમ અરજદાર અને સામાવાળા વચ્ચે નોકર–માલિકના સંબંધ હતા.

(૮.૨) સામાવાળા નંબર ૧ નાએ આ કામે કોઈ જવાબ રજુ કરેલ ના હોય અરજદાર અને સામાવાળા વચ્ચે નોકર–માલિકના સંબંધ હોવાની હકીકતનું કોઈ ખંડન થતું નથી. આમ અરજદાર સામાવાળા નં. ૨ ના કામદાર તરીકે ડ્રાયવર તરીકે કામ કરતા હોવાના અરજદારના મૌખિક પુરાવાને ના માનવાને કોર્ટ પાસે કોઈ કારણ નથી.

(૮.૩) જયારે આ કામે સામાવાળા નં. ૨ નાએ પોતાના આંક ૧૩ ના જવાબમાં જણાવે છે કે, આ કામના સામાવાળાએ તેના કામદારોનો વિમો લીધેલ હોવાનું જણાવવામાં આવેલ છે પરંતુ આ અંગેની વીમા પોલીસી જોતાં જે કામદારનો વીમો લેવામાં આવેલ હતો તે કામદારમાં અરજદારનો સમાવેશ થાય છે કે કેમ, તે અરજદારે નકકર પુરાવાથી પુરવાર કરવી જોઈએ. વધુમાં જણાવેલ છે કે, અરજદાર સામાવાળા નંબર ૧ ના કામદાર હોવાનો તથા તેઓ માસિક પગાર મેળવતા હોવાનો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ ના હોય અરજદારનો સમાવેશ કામદારની વ્યાખ્યામાં કરી શકાય નહી. આથી કામદાર વળતર ધારા હેઠળ સામાવાળા નં.૨ ની વળતર ચુકવવાની કોઈ જવાબદારી થતી ન હોય તેનો સ્પષ્ટપણે ઈન્કાર કરવામાં આવેલ છે.

(૮.૪) આ કામે ઉપર મુજબના સામાવાળાઓના જવાબોની હકીકતો ધ્યાને લેતાં સામાવાળા નં. ૧ નાએ અરજદાર તેઓના કામદાર હોવાની હકીકતને કોઈ પણ રીતે નકારેલ નથી. આ ઉપરાંત અરજદારના મૌખિક પુરાવાનું પણ કોઈ ખંડન થયેલ નથી. વધુમાં ટ્રકમાં કામ કરતા મજુરો, કલીનર કે ડ્રાયવરનો કોઈ ચોકકસ પુરાવો હોવાનો આગ્રહ પણ રાખી શકાય નહી. સામાવાળા નંબર ૧ ના એ અરજદાર પોતાના કામદાર હોવાનો ઈન્કાર કરેલ નથી અને વીમા કંપની અરજદારના મૌખિક પુરાવાનું ખંડન થાય તેવી કોઈ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી. આથી પણ સામાવાળા નંબર ૧ તથા અરજદાર વચ્ચે માલીક– કામદારનો સબંધ હોવાની હકીકત પુરવાર થયેલ હોવાથી મુદ્દા નંબર ૧ નો નિર્ણય હકારમાં ઠરાવવામાં આવે છે.

મુદ્દા નં.૨ :–

શું અરજદાર પુરવાર કરે છે કે, તેને નોકરીમાંથી અને નોકરી દરમ્યાન અકસ્માતે ઈજા થતા કમાવવાની શકિત ગુમાવી છે ? જો હા તો કેટલી ?

(૯) અરજદારએ તેમની આંક ૧ ની અરજી તથા તેમના આંક ૧૮ ના સોંગદ ઉપરના પુરાવામાં જણાવેલું છે કે, તેઓ સામાવાળા નં.૧ની સુચના મુજબ તા.૨૭/૧૧/૨૦૧૮ ના જામનગરમાં લાલપુર રોડ ચોકડી પાસે ટ્રકના પાટીયા ચડાવવા જતા હતા ત્યારે અકસ્માતે પગ લપસતા ટ્રકમાંથી નીચે પડતા ડાબા હાથમાં ગંભીર પ્રકારની ઈજા થતા સારવાર અર્થે હોસ્પીટલમાં ગયેલા અને ત્યાં ફ્રેકચર હોવાનું જણાવતા ઓપરેશન કરાવેલ અને સદરહુ ઈજાના કારણે તેમને કાયમી ખોડ રહી ગયેલ છે. આમ ઉપરોકત હકીકતે બનાવ બનતા અરજદારને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થયેલી. આ અંગે અરજદાર આંક ૨૦ થી ડોકટર ડાંગરને તપાસેલ છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે અરજદર પોતાની સાથે જી.જી. હોસ્પીટલના એકસ–રે તથા કેસ પેપર્સ લઈને આવેલા હતા. તેમાંથી જોઈ તપાસતાં તેઓના ડાબા હાથમાં ફોરઆર્મનું રેડીયસ નામનુ હાડકુ ભાંગેલુ હતુ અને સાંધો ખડેલો હતો. તેઓનો મેં એકસ–રે પાડેલો જેમાં પ્લેટ અને સ્ક્રુ હયાત હતા. અને સાંધાઓમાં વા ની તકલીફ થઈ ગયેલ હતી. આ દર્દીને ખોડની આકારણી કરવા માટે મેં તપાસેલ જેમાં તેની ડાબી કોણીમાં હલન ચલન ઓછું હતું તથા દુખાવો થતો હતો. જેઓને મેં ૫ ટકા ખોડ દર્શાવેલ છે. આ ઉપરાંત ફોરઆર્મની મુવમેન્ટ ઓછી હોઈ તથા દર્દ થતુ હોઈ તેની ખોડ મેં ૫ ટકા દર્શાવેલ છે. આ ઉપરાંત કાંડામાં પણ હલન ચલન ઓછુ હોય અને દર્દ થતું હોય, તેની ખોડ ૨૦ ટકા દર્શાવેલ છે. આમ ત્રણેય મળીને દર્દીને કુલ ૩૦ ટકા ખોડ દર્શાવેલ છે. ડોકટર સાહેદે આંક ૨૧ થી તેઓને ૩૦ ટકા કાયમી ખોડ રહી ગયેલ હોવાનું પ્રમાણપત્ર રજુ કરેલ છે.

અરજદારે તેઓને ૩૦% ખોડ આવેલ હોવાની હકીકત પુરવાર કરવાની રહે, જે માટે અરજદાર તરફે સરતપાસના સોગંદનામામાં તેઓને ૩૦ % ખોડ રહેલ હોવાનો પુરાવો આપેલ છે તેમજ તેઓ દવારા આંક ૨૧ થી ખોડનું પ્રમાણપત્ર રજુ કરેલ છે અને આ પ્રમાણપત્ર આપનાર ડોકટરને પણ તેઓ દવારા સાહેદ તરીકે તપાસવામાં આવેલ છે. આમ અરજદાર

ની ઈજાઓ જોતા તેઓને ડાબા હાથમાં ફોરઆર્મનું રેડીયસ નામના હાડકાંનું ફ્રેકચર થયેલ છે. આવી ઈજા કાયદામાં આપેલ શીડયુલ મુજબની ઈજા નથી જેથી આ બાબતે કાયદાની જોગવાઈ જોવી જરૂરી બને છે જે નીચે મુજબ છે.

કલમ–૪ ની પેટા કલમ– સી

(c) where permanent partial disablement result from the injury:

(i) in the case of an injury specified in Part II of Schedule I, such percentage of the compensation which would have been payable in the case of permanent total disablement as is specified therein as being the percentage of the loss of earning capacity caused by that injury; and

(ii) in the case of an injury not specified in Schedule I, such percentage of the compensation payable in the case of permanent total disablement as is proportionate to the loss of earning capacity (as assessed by the qualified medical practitioner) permanently caused by the injury;

આમ ઉપરોકત કલમ જોતા જયારે શીડયુલમાં જણાવેલ ઈજાઓ ના હોય તેવી ઈજાઓ થયેલ હોય તેવા સંજોગોમાં આવી ઈજાઓના કારણે કમાવાની ક્ષમતામાં થયેલ ઘટાડો ધ્યાને લેવાનો રહે. વધુમાં આવી ઈજાના તથા ખોડના પુરાવા માટે આવું પ્રમાણપત્ર માત્ર રજુ થવુ જરૂરી નથી, પરંતુ આવું પ્રમાણપત્ર આપનાર ડોકટરને તપાસવો જોઈએ કારણ કે, તો જ સદર પ્રમાણપત્રની યથાર્થતા ઉલટ તપાસ દવારા ચકાસી શકાય. આ કામે અરજદાર દવારા પોતાની અરજીમાં કે પુરાવામાં તેઓને આવી કાયમી ખોડ આવેલ હોવાનો પુરાવો આપેલ નથી તેમજ તેઓ દવારા જે ડોકટરને તપાસવામાં આવેલ છે તેઓ દવારા પણ આ કામના અરજદાર ને થયેલ ઈજાઓના કારણે તેઓને કોઈ કાયમી કે આશીંક ખોડ આવેલ હોવાનું અને પ્રમાણ પત્રમાં તેઓની ફોર આર્મની મુવમેન્ટ ઓછી હોવાનું જણાવેલ છે. જેથી કોઈ પણ અંગનું હલનચલન સંપૂર્ણ બંધ થયેલ હોય તેમ જણાતુ નથી. જેથી અરજદારે તેઓને થયેલ ઈજાઓ ના કારણે તેઓની કમાવાની ક્ષમતામાં થયેલ ઘટાડો પુરવાર કરવો પડે અને તેના પ્રમાણમાં તેઓ વળતર મેળવવા હકદાર થાય. જો કે આ કેસમાં અરજદાર અગાઉ જે કામ કરતા હતા, તે

કામ આ બનાવ બાદ કરી શકતા નથી અથવા તો તેની કાર્યક્ષમતામાં ઘટાડો થયેલ છે તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. ડોકટરની જુબાની મુજબ અરજદારને ૩૦% કાયમી ખોડ આવેલ છે. પરંતુ અહી અરજદારને કેટલી ખોડ આવેલ છે તે મહત્વનું નથી, પરંતુ તેઓની કાર્યક્ષમતામાં કેટલો ઘટાડો થયેલ છે તે જોવાનું છે. કાયદામાં જણાવેલ શીડયુલ ઈન્જરીને જોવામાં આવે તો પરિશિષ્ટ ભાગ–ર મુજબ અંગછેદનના કીસ્સામાં અનુક્રમ નંબર ૬,૭ મુજબની ઈજા હોય તો પણ ૪૦% સુધીની કાયમી અપંગતા ગણવાની જોગવાઈ છે. જયારે આ કામે ડોકટરે આ કામદારને ડાબા હાથમાં ફોરઆર્મનું રેડીયસ નામનુ હાડકુ ભાંગેલ હોવાનું નિદાન કરેલ છે. જે મતલબે કામદારને કોઈ અંગછેદન થયેલ નથી. તે સંજોગોમાં અરજદારને ૩૦% કાયમી ખોડ માનફી શકાય તેમ નથી. પરંતુ આ કામના અરજદારને આ બનાવમાં ઈજા થયેલ હોવાનું માનવાને કારણ છે અને તેના કારણે તેની કામ કરવાની ક્ષમતામાં થોડી ઉણપ આવેલ હોય શકે. આ કામે અરજદારે તેની અરજીમાં તેઓ ડ્રાયવર કમ કલીનર હોવાનું જણાવેલ છે તો આ બંને કામ અરજદાર તેઓને થયેલ આવી ઈજા બાદ પણ કરી શકે તેવું સામાન્ય સમજણવાળી વ્યકિત પણ માની શકે. વધુમાં આ કાયદો કામદારના લાભમાં વિચારવાનું જણાવે છે. આ તમામ કારણોસર આ કામના અરજદાર તેઓને થયેલ ઈજાઓના કારણે અરજદારને ૫ % આંશીક અસમર્થતા આવેલ હોવાનું માની મુદ્દા નં.ર નો નિર્ણય તે રીતે હકારમાં આપવામાં આવે છે.

મુદ્દા નં.૩ :–

શું અરજદાર પુરવાર કરે છે કે, સામાવાળા નંબર ૧ પાસેથી તેઓ દર માસે રૂા.૮,૦૦૦/– વેતન મેળવતા હતા ?

(૧૦) અરજદારએ તેમની આંક ૧ ની અરજી તથા તેમના આંક ૧૮ ના સોંગદ ઉપરના પુરાવામાં જણાવેલું છે કે, અરજદાર સામાવાળા નં.૧ ને ત્યાં ટ્રક નં.જીજે–૧ર–એટી–૫૧૮૫ માં ડ્રાઈવર કમ કલીનર તરીકે માસીક રૂા.૮,૦૦૦/– ના પગારથી કામ કરતા હતા. આ કામે અરજદારે તેના પગાર અંગેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. એ નોંધવું જરૂરી છે કે સામાવાળા નંબર ૧ ધ્વારા કોઈ જવાબ રજુ થયેલ નથી. તે હકીકત જોતાં તેઓએ અરજદાર તેઓના

ડ્રાયવર/કલીનર હોવાનો ઈન્કાર કરેલ નથી. આ કામે વીમા કંપનીએ પણ વિરૂધ્ધની હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી અને તેથી તેના પગારની કોઈ વિગત આ કામે રેકર્ડ પર નથી. આથી લઘુતમ વેતનની જોગવાઈ મુજબ પણ અરજદારનો માસિક પગાર રૂા.૮૦૦૦ હોવાની અરજદારે જણાવેલ હકીકત ના માનવાને કોઈ કારણ નથી. અરજદારના પગાર અંગેનો આ સીવાય બીજો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આથી આ હકીકતને ધ્યાને લેતા અરજદારનો માસિક રૂા.૮૦૦૦ હોવાનું આ અદાલતનું માનવુ છે.

મુદ્દા નં. ૪ :– શું અરજદાર પુરવાર કરે છે કે, અકસ્માત વખતે તેની ઉંમર ૪ર વર્ષની હતી ?

(૧૧) અત્રેના કેસમાં અરજદારએ તેમની આંક ૧ ની અરજી તથા પુરાવામાં જણાવેલું છે કે, બનાવ સમયે અરજદારની ઉંમર ૪ર વર્ષની હતી. આ અંગે રેકર્ડ પરનો પુરાવો જોવામાં આવે તો અરજદારે માર્ક ૩/૩ થી પોતાનું ડ્રાયવીંગ લાયસન્સ રજુ કરેલ છે જેમાં તેની જન્મ તારીખ ૧૦.૦ર.૧૯૭૫ ની દર્શાવેલી છે. આમ બનાવ તા.ર૭.૧૧.ર૦૧૮ ના રોજ અરજદાર ની ઉંમર ૪૩ વર્ષ ૦૯ માસ અને ૧૭ દિવસની હોવાની હકીકત સ્પષ્ટપણે પુરવાર થાય છે.

મુદ્દા નં. ૫ :–

શું અરજદાર સામાવાળા પાસેથી વળતર, વ્યાજ અને પેનલ્ટી મેળવવા હકકદાર છે ?

(૧ર.૧) અરજદાર સામાવાળા પાસેથી કેટલી વળતરની રકમ મેળવવા હકકદાર થાય છે તે બાબતે જોઈએ તો, આ કામના અરજદારની ઉંમર અકસ્માત સમયે ૪૩ વર્ષની હતી. તેમજ તેઓની માસીક આવક રૂા.૮૦૦૦/–ગણવામાં આવેલ છે. સદરહું ઉંમર સામેનો શીડયુલ.૪ માં આપેલ ફેકટર ૧૭૫.૫૪ છે. જેથી અરજદારની માસીક આવક રૂા.૮૦૦૦/– હોય તેના ૬૦% રકમ રૂા.૪૮૦૦/– થાય છે. આમ રકમ રૂા.૪૮૦૦/–ને ફેકટર ૧૭૫.૫૪ સાથે સાથે ગુણતા રકમ રૂા.૮,૪ર,૫૯ર/– થાય છે અને આ કામના અરજદારને ૫ % કાયમી ખોડ રહી ગયેલ હોય આ રકમના ૫% રકમ રૂા.૪ર,૧૩૦/–વળતરની રકમ થાય છે જે રકમ આ કામના અરજદાર વળતરની રકમ પેટે મેળવવા હકદાર થાય છે.

(૧૨.૨) આ કામના અરજદારને થયેલ અકસ્માતના આ બનાવની જાણ સામાવાળા નં. ૧ ને અગાઉથી જ હતી કારણ કે આ બનાવમાં ઈજા પામનાર તેઓના ભાઈ પણ છે અને બંને એક જ ઘરમાં રહેતા હોવાનું રેકર્ડ પર આવેલ છે. પરંતુ અત્રેના કેસમાં એ હકીકત બીનતકરારી છે કે સામાવાળા નંબર ૧ ધ્વારા અરજદારને વળતરની રકમ કે તે પૈકીની કોઈ રકમ આજદીન સુધી ચુકવવામાં આવી નથી કે કમિશ્નરશ્રીની કચેરીમાં અનામત મુકવામાં આવી નથી. જેથી સામાવાળાઓ કર્મચારી વળતર ધારાની કલમ ૪–એ મુજબ વળતરની રકમ ઉપર અકસ્માત ની તારીખથી ૧૨ ટકા લેખે સાદા વ્યાજની રકમ અરજદારને ચુકવવા જવાબદાર થયેલા છે.

(૧૨.૩) વધુમાં કર્મચારી વળતર ધારાની કલમ ૪(બી) મુજબ જયારે વિલંબ માટે કોઈ વ્યાજબી કારણ ન હોય ત્યારે માલીકે વળતરની રકમ તથા તે ઉપરના વ્યાજની રકમ ઉપરાંત ૫૦% થી વધુ ન હોય તેટલો દંડ ચુકવવાની જોગવાઈ છે. અત્રેના કેસમાં સામાવાળા નંબર ૧ નાએ અરજદારને આવી કોઈ વળતરની રકમ ચુકવેલ હોય તેવી કોઈ રજુઆત કરેલ નથી કે આ હકીકતનો કોઈ સ્વતંત્ર પુરાવો રજુ કરી પુરવાર કરેલ નથી. આથી કર્મચારી વળતર ધારાની કલમ ૪(એ) મુજબ એક માસની મુદત મર્યાદામાં વળતરની રકમ ચુકવવા માટે થયેલ વિલંબ માટે વ્યાજબી કારણ નથી. સામાવાળા નંબર ૧ એ અરજદારને કામે રાખેલ છે અને તેનો વીમો લીધેલ છે અને સામાવાળા નંબર ૧ ના ટ્રકમાં કામ કરતી વખતે અરજદારની ફરજ દરમ્યાન જ આ અકસ્માત થયેલ છે અને સામાવાળા નંબર ૧ ને બનવાની સંપૂર્ણ જાણછે. આમ તેઓને જાણ થવા છતા તેઓ દવારા કાયદાની કલમ–૪એ (૩–બી) મુજબની અકસ્માત તારીખથી ૧ માસમાં વળતરની રકમ ચુકવવામાં આવેલ નથી કે આવી કોઈ રકમ અદાલતમાં જમાં કરાવેલી નથી તેવા સંજોગોમાં માલીક તરીકે આ કામના સામાવાળા નં.૧ નાઓ પેનલ્ટીની રકમ ચુકવવા જવાબદાર થતા હોવાનું માની શકાય તેમ છે. તેમજ સામાવાળા દવારા આવી વળતરની રકમ નિયત સમયમાં નહી ચુકવવા માટે કોઈ કારણ જણાવેલ નથી. આથી કેસના સંજોગો ધ્યાને લેતા કાયદા પ્રમાણે વળતરની ૧૦% રકમ પેનલ્ટી પેટે ચુકવવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતું સરે તેમ છે.

વીમા કંપનીની જવાબદારી શું છે?

(૧૩.૧) વીમા કંપનીના વિ.વ.શ્રીએ તેની જવાબની હકીકત મુજબની દલીલ કરી જણાવેલ છે કે, સામાવાળા નંબર ૧ એ સામાવાળા નંબર ૨ પાસેથી લીધેલી વીમા પોલીસીની શરતો ધ્યાને લેતાં વીમા કંપની વ્યાજ અને પેનલ્ટી માટે જવાબદાર નથી.

(૧૩.૨) આ બાબતે કાયદાની પરિસ્થિતી જોતા કલમ-૪(એ)૩બી મુજબ અકસ્માત તારીખથી ૧ માસમાં માલીક દવારા વળતરની રકમ ચુકવાવમાં ના આવે તો તેઓ ૫૦ % વળતરની રકમ ઉપર પેનલ્ટી ચુકવવા જવાબદાર થાય અને માલિક અને વીમા કંપની વચ્ચે થયેલ વીમા કરારની શરતો અને બોલીઓ આધારે બંનેની જવાબદારી નકકી થાય. આ કેસમાં આંક ૨૬ થી રજુ થયેલ વીમા પોલીસી જોતાં તેમાં પેનલ્ટીની જવાબદારીની ક્ષતિપૂર્તિ કરી આપવાનું વીમા કંપનીએ સ્વીકારેલ હોય તેવું દર્શાવવામાં આવેલ નથી તેમજ વીમા કંપનીને તેમણે ઉપરોકત જવાબદારી બાબતે અલગથી પ્રિમીયમ ચુકવેલ તેવું પણ સામાવાળા નં.૧ ના એ દર્શાવેલ નથી. આ ઉપરાંત રજુ થયેલ વીમા પોલીસીમાં વીમા કંપનીએ કામદાર વળતર ધારા હેઠળ ઉપસ્થિત થતી પેનલ્ટીની જવાબદારીની ક્ષતિપૂર્તિ કરી આપવાનું એકસ્ટ્રા પ્રિમીયમ લઈ સ્વીકારેલ હતુ તેવુ ફલિત થતુ નથી. જેથી વીમા કંપની કાયદા હેઠળ ઉપસ્થિત થતી પેનલ્ટીની જવાબદારની ક્ષતિપૂર્તિ કરી આપવા માટે જવાબદાર થતી નથી. વધુમાં આ કામના વિમા કંપની વ્યાજ ચુકવવા જવાબદાર થાય છે કે કેમ તે અંગે જોતા આ કામના સામાવાળાનં.૧ નાએ સામાવાળા નં.૨ વીમા કંપની પાસેથી કામદારોનો વીમો ઉતારેલ હોઈ અને અકસ્માત સમયે તે વીમો હયાત હોઈ વીમા કંપની નામદાર સુપ્રિમકોર્ટે **વેદ પ્રકાશ ગર્ગ વિ.પ્રેમી દેવી** ના કેસમાં (૧૯૯૮ એસીજે પાના નં.૧) ઠરાવ્યા મુજબ વ્યાજની જવાબદારી તે વળતરની રકમનો જ પાર્ટ એન્ડ પાર્સલ હોઈ અકસ્માતના કેસમાં વીમા કંપની વ્યાજની જવાબદારની ક્ષતિપૂર્તિ કરી આપવા માટે પણ જવાબદાર ઠરે છે. તેવા સંજોગોમાં આ કામના સામાવાળાનં.૧ તથા સામાવાળા નં.૨ વિમા કંપની વળતરની રકમ ઉપર વ્યાજ ચુકવવા એક સાથે જવાબદાર થાય છે. આમ આ કામના સામાવાળા નં.૨ વિમા કંપની વળતરની રકમ

તથા વ્યાજની રકમ આ કામના સામાવાળા નં.૧ સાથે સંયુકત અને વિભકત રીતે ચુકવવા જવાબદાર થાચ છે.

(૧૩.૩) ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં અરજદાર સામાવાળાઓ પાસેથી રૂા.૪૨,૧૩૦/- વસુલ મેળવવા હકકદાર થચેલ છે તથા સદર રકમ ઉપર અકસ્માતની તારીખથી ખરેખર રકમ ચુકવવામાં આવે તે તારીખ સુધીના ૧૨ ટકા લેખે થતી વ્યાજની રકમ આ કામના તમામ સામાવાળાઓએ તથા સામાવાળા નંબર ૧ ના ૧૦ % પેનેલ્ટી/દંડની રકમ અરજદારને ચુકવી આપવા જવાબદાર બનેલ છે. જેથી ઉપરોકત ચર્ચાને આધીન મુદ્દા નંબર ૫ નો જવાબ અંશત: હકારમાં ઠરાવી મુદ્દા નંબર ૬ અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

-:: આ ખ રી હુ ક મ ::-

(૧) આથી અરજદારની અરજી અંશત:મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદાર અબ્બાસ ઈશાભાઈ ચૌહાણ તેને થચેલ ઈજા બદલ સામાવાળાઓ પાસેથી સંયુકત યા વિભકતરીતે રૂા.૪૨,૧૩૦/-(અંકે રુપિયા બેતાલીશ હજાર એકસો ત્રીસ પુરા) વળતરની રકમ વસુલ મેળવવા હકકદાર થચેલ છે.

(૩) આ કામના સામાવાળા નં.૧,૨ નાઓએ સંયુકત અને વિભકત રીતે આ કામના અરજદારને ઉપરોકત વળતરની રકમ ઉપર તા.૨૭/૧૧/૨૦૧૮ થી વળતરની રકમ ના ચુકવાય ત્યાં સુધી વાર્ષીક ૧૨ % લેખે સાદું વ્યાજ ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના સામાવાળા નં.૧ નાએ આ કામના અરજદારને વળતરની રકમ ઉપર ૧૦% પેનલ્ટીની રકમ રૂા.૪૨૧૩/-(અંકે રૂપીયા ચાર હજાર બસો તેર પુરા) ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) સામાવાળાઓએ હુકમ મુજબની વિગતે વળતરની રકમ હુકમ તારીખથી દિન–૩૦ માં અત્રેની કોર્ટમાં જમા કરાવવી.

(૬) આ કામના અરજદાર તથા સામાવાળાઓએ અરજીનો ખર્ચ જાતે ભોગવવો.

(૭) રજિસ્ટ્રારશ્રીએ નકલ આપવા સંબંધે મજુર અદાલત(પધ્ધતિ અને કાર્યરીતી) નિયમો ૧૯૪૭ ના નિયમ–૩૨ મુજબ નિયમો અનુસારની કાર્યવાહી કરવા હુકમ કરવા માં આવે છે.

હુકમ આજ રોજ તા. ૧૬ મી માહે ઓકટોબર સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૧૬/૧૦/૨૦૨૩.
જામનગર.
(સ્ટેનોગ્રાફર)
એમ.કે.નાકીયા

(દીલીપ વ્રજલાલ સાવલીયા)
વર્કમેન કમિશ્નરશ્રી,
મજુર અદાલત કોર્ટ નં.૨,જામનગર.
જીજે–૦૧૨૯૮